અપીલ અરજી નં.૩૭૧ તા.૨૧–૧–૧૦

અરજદારઃ– શ્રી દર્શના જીવણલાલ ડોડીઆ

સામાવાળાઃ–(૧)ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)
(૨) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)
(૩) આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ફુડ વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી દર્શના જીવણલાલ ડોડીઆની તા.૨૧–૧૨–૦૯ ની અરજીથી (૧) મોજે ટૂંકી તા.ચોર્યાસી, જી.સુરતના સર્વે નં.૫૭ હિસ્સા નં.૨ની બીન ખેતીવાળી જમીનમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં.૧૪૦,૧૪૧, કોના નામે ચાલે છે? અને કયા હિસાબે ખરીદ થયેલા છે? તેની મુદ્દા નં ૧ થી ૨૦ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૧–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૭૧/૨૦૦૯–૧૦

શ્રી દર્શના જીવણલાલ ડોડીઆની તા.૨૧–૧૨–૦૯ ની અરજીથી (૧) મોજે ટૂંકી તા.ચોર્યાસી, જી.સુરતના સર્વે નં.૫૭ હિસ્સા નં.૨ની બીન ખેતીવાળી જમીનમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં.૧૪૦,૧૪૧, કોના નામે ચાલે છે? અને કયા હિસાબે ખરીદ થયેલા છે? તેની મુદ્દા નં ૧ થી ૨૦ ની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/જા.નં.૧૩૯૬ તા.૮–૧–૧૦ આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી ફુડ વિભાગ ના પત્ર નં.પીએચડી/ફુડ/૭૦૨ તા.૧૧–૧–૧૦ તથા કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી કતારગામઝોનના પત્ર નં.એન.ઝેડ/૭૦૯૫ તા.૧૨–૧–૧૦ થી મળેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૪૫ તા.૨–૨–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)(૨) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)(૩) આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ફુડ વિભાગ) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીના કયા મુદ્દાઓ અંગે નારાજગી છે? કઈ વિગતે? તેની આધારસહ સ્પષ્ટતા કરવા તથા જાહેર માહિતી અધિકારીએ જણાવેલ ઈન્સ્પેકશન મેળવેલ છે કે કેમ? તેમજ જાહેર માહિતી અધિકારીએ માંગેલ સ્પષ્ટતા પૂરી પાડેલ છે કે કેમ? વિગેરે બાબતે વિગતો પૂરી પાડવા પત્ર પાઠવવામાં આવેલ.જેના અનુસંધાને ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન..ઝેડ/એઆરડી/૮૫૪ તા.૧૭–૨–૧૦ થી પૂરક વિગતો પૂરી પાડવામાં આવેલ છે. જેમાં નોંધ વિભાગ,એન.ઝેડ/આરટીઆઈ/જાવક નં.૬૭૦૬ તા.૩૦–૧૨–૦૯ થી જાહેર માહિતી અધિકારી ડે.કમિશ્નર (હેઅને હો) નાગરીક પુરવઠા અધિકારી ફુલપાડા ગામ અને તલાટી–કમ–મંત્રી ચોર્યાસી જિલ્લાનું મેદાન ચોક બજારને અંશતઃ માહિતી માટે તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક નં.૧૩૧૨ તા.૨૩–૧૨–૦૯ થી કાર્યપાલક ઈજનેર કતારગામઝોનને તબદીલ કર્યાના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ તથા બીપીએલ કાર્ડ નં.૦૧૫૧૧૬૦ મામલતદાર ભરૂચના કાર્ડની નકલ,રહેમતનગર, હાઉસીંગ સોસા., નોંધ નં.૫૭/૨ પૈકી પ્લોટ નં.૧૪૦ લોકેશન નં.૧૯ડી–૧૫–૭૭૦૫–૦–૦૦૧ ના પાર્ટીસ્ટેટસની નકલ, સદર સોસા.ના ૫૭/૨ પૈકી પ્લોટ નં.૧૪૧ લોકેશન નં.૧૯ડી–૧૫–૭૭૧૧–૦–૦૦૧ ના પાર્ટી સ્ટેસની નકલ આ બંને લોકેશનના સને ૨૦૦૬–૦૭ અને ૨૦૦૭–૦૮ ના એસેસમેન્ટ રજીસ્ટરની નકલ, એન.ઝેડ/એઆરડી/૮૦૨ તા.૨૧–૧–૧૦ ના પત્રની નકલ તથા કરેલ યુપીસી કર્યાની એકનોલેજમેન્ટ સ્લીપની નકલ, એન.ઝેડ/આ.નં.૭૨૯૩ તા.૨૧–૧–૧૦ ના પત્રની નકલ, અરજદારને પાઠવેલ એન.ઝેડ/આ.નં.૭૪૮૩ તા.૧–૨–૧૦ ના પત્રની નકલ,એન.ઝેડ/આ.નં.૭૬૩૧ તા.૪–૨–૧૦ ના પત્રની નકલ, તલાટીસીટી ટૂંકી સીગણપોર, સુરતના તા.૩–૨–૧૦ ના પત્રની નકલ, સાતબારના ઉતારાની તા.૩૦–૧–૧૦ ના પત્રની નકલ, હક પત્ર નમુનો–૬ તા.૩૦–૧–૧૦ ના પત્રની નકલ અત્રે પૂરક વિગતોમાં રજૂ કરવામાં આવેલ છે. આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી તરફથી જાવક નં.પીએચડી/ફુડ/૮૪૭ તા.૨૨–૨–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જાવક નં.પીએચડી/ફુડ/૭૦૨ તા.૧૧–૧–૧૦ ની નકલ , તા.૩૦–૧૨–૦૯ અને ૨૩–૧૨–૦૯ ના તબદીલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, બીપીએલ કાર્ડની નકલ રજૂ કરેલ છે. અરજદાર તરફથી અરજદારે તા.૨૩–૨–૧૦ ના રોજ પૂરક વિગતોમાં મુદ્દા નં.૧ ની માહિતી છેલ્લા માંગણાની નોટીસની નકલ મુદ્દા નં.૨ ની માહિતી અવાંચ્ય મુદ્દા નં.૧૩,૧૪ અને ૨૦ ની માહિતી લેખિતમાં આપેલ નથી તથા મુદ્દા નં.૪,૮,૯,૧૨,૧૫,૧૬,૧૭,૧૮ ની માહિતી પૂરી પાડેલ નથી તેની યાદીની નકલ, મુળ અરજીની નકલ, બીપીએલ કાર્ડની નકલ, તબદીલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન કક્ષાએથી મળેલ જવાબ ૧૩૯૬ તા.૮–૧–૧૦ ના પત્રની નકલ, આરોગ્ય અધિકારી (ફુડ) તરફથી મળેલ પીએચડી/ફુડ/૭૦૨ તા.૧૧–૧–૧૦ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી કતાગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૭૦૯૫ તા.૧૨–૧–૧૦ ના પત્રની નકલ, એન.ઝેડ/એઆરડી/૮૦૨ તા.૨૧–૧–૧૦ ના પત્રની નકલ, પાર્ટીસ્ટેટસની નકલ, એન.ઝેડ/આ.નં.૭૨૯૩ તા.૨૧–૧–૧૦ ના પત્રની નકલ, એન.ઝેડ/આ.નં.૭૪૮૩ તા.૧–૨–૧૦ ના પત્રની નકલ, તલાટી સીટી સીંગણપોર તા.૩–૨–૧૦ ના પત્રની નકલ, સાતબારના તેમજ હક પત્રની તા.૩૦–૧–૧૦ ના પત્રની નકલ, એન.ઝેડ/આ.નં.૩૬૩૧ તા.૪–૨–૧૦ ના પત્રની નકલ અરજદારે અત્રેના વિભાગને પૂરી પાડેલ છે.

અરજદારની તા.૨૧–૧૨–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૨૦ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન નાગરીક સુવિધા ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક નં.૧૩૧ ૨તા.૨૩–૧૨–૦૯ થી કાર્યપાલક ઈજનેર કતારગામઝોનને તબદીલ કરવામાં આવેલ. જે તેઓ તરફથી પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/જાવક નં.૬૭૦૬ તા.૩૦–૧૨–૦૯ થી (૧.) ડે.કમિશ્નર(હે અને હો) જાહેર માહિતી અધિકારી ૨. નાગરીક પુરવઠા અધિકારી ફુલપાડા ગામ ૩. તલાટી–કમ–મંત્રી ચોર્યાસી જિલ્લાનું મેદાન, ચોક બજાર,સુરત તબદીલ કરવામાં આવેલ. તેમજ અરજદારને પત્ર નં.એન.ઝેડ/આ.નં.૭૦૯૫ તા.૧૨–૧–૧૦ થી માહિતી અધૂરી સરનામાંના કારણે આપી શકાય તેમ નથી જેથી માંગેલ માહિતીનું પુરું સરનામું જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારે તા.૧૬–૧–૧૦ થી વિગતો પૂરી પાડેલ છે. અરજદારની માંગેલ માહિતીના મુદ્દાઓ મુદ્દા નં.૧. મોજે ટુંકી તા.ચોર્યાસી, જી. સુરતના સર્વે નં.૫૭ હિસ્સા નં.૨ ની બીન ખેતીવાડી જમીનમાં પાડવામાં આવેલ પ્લોટ પૈકી ૧૪૦,૧૪૧ કોના નામે ચાલે છે? અને કયા હિસાબે ખરીદ થયેલ છે? તેની વિગત. જેમાં અરજદારે તા.૧૬–૧–૧૦ ના પત્રથી પ્લોટ નં.૧૪૦ નાનીબેન ભીમાભાઈ સોલંકી લોકેશન નં.૧૯ડી–૧૫–૭૭૦૫ છે તેમજ પ્લોટ નં.૧૪૧ ૧૯ડી–૧૫–૭૭૧૧ છે તેમજ સરનામાંની વિગતમાં રહેમતનગર પ્લોટ નં.૧૪૦ અને ૧૪૧ નાની બહેરાજી મંદિર પાસે ભીમજી નથ્થુ સોલંકી કેર ઓફ જયેશ ભીમજીભાઈ સોલંકી જણાવેલ છે.તેવા પ્રશ્ન બાબતે અરજદારે પૂરી પાડેલી ચોકકસ લોકેશનના આધારે અરજદારને પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૮૦૨ તા.૨૧–૧–૧૦ થી મુદ્દા ં.૧,૧૦ અને ૧૧ બાબતે મોજે ટુંકી તા. ચોર્યાસી સર્વે નં.૫૭ હિસ્સા નં.૨ પૈકી પ્લોટ નં.૧૪૦ લોકેશન ૧૯ડી–૧૫–૭૭૦૫–૦–૦૦૧ તથા પ્લોટ નં.૧૪૧ લોકેશન ૧૯ડી–૧૫–૭૭૧૧–૦–૦૦૧ ના પાર્ટી સ્ટેટસની નકલ તેમજ ૨૦૦૫–૦૬અને ૦૭–૦૮ ના એસેસમેન્ટ રજીસ્ટરની નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજદારે માંગેલ પ્લોટ નં.૧૪૦ માં કબ્જેદાર તરીકે નાનીબેન ભીમાભાઈ સોલંકી એસેસમેન્ટ રજીસ્ટર તથા પાર્ટી સ્ટેટસમાં તેમનું નામ દર્શાવેલ છે. જયારે પ્લોટ નં.૧૪૧ માં જમીન જેનાબીબી ડીઓ રહેમાનભાઈ મહંમદભાઈનું નામ દર્શાવેલ છે. તથા એસેસમેન્ટ નકલમાં તા.૧–૪–૦૫ થી દાખલ કર્યાની એફડીટી નં.૯૬૪ તા.૨૭–૨–૦૬ દર્શાવેલ છે. પરંતુ કયા હિસાબે ખરીદ થયેલ છે તેની વિગત દર્શાવેલ નથી. પરંતુ અરજદારે અપીલ તબકકે તા.૨૩–૨–૧૦ ના પત્રમાં માંગણાની નોટીસ મળેલ નથી તેવું જણાવેલ છે. જે અંગેની વિગત અરજદારને આપેલ પાર્ટી સ્ટેટસ ઉપરથી જાણી શકાય છે. મુદ્દા નં.૨ મુદ્દા નં.૧ ની જમીનની ૭/૧૨ ની નકલ. તેવા પ્રશ્ન બાબતે ૭/૧૨ ની નકલ અરજદારે રજૂ કરેલ છે. પરંતુ તે અવાંચ્ય હોવાનું જણાવેલ છે. મુદ્દા નં.૩. મુદ્દા નં.૧ ની જમીન ઉપર સોસાયટી માન્ય છે કે ગેરકાયદેસર ઝુંપડપટ્ટીમાં આવે છે? તેના સ્પષ્ટ અભિપ્રાયની માહિતી . તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૭૨૯૩ તા.૨૧–૧–૧૦ થી ટુંકી રે.સ. નં.૫૭/૨ પૈકીવાળી જમીન પર બાંધકામ મંજુર કરાવ્યા હોવા બાબતની કોઈ માહિતી ઉપલબ્ધ નથી તેવી માહિતી આપેલ છે. મુદ્દા નં.૪ મુદ્દા નં.૧ ની જમીનમાં પસાર થતો નાની બેચરાજી મંદિરથી કોઝવે તરફથ જતાં રોડના મધ્ય બિંદુથી આ ઝુંપડપટ્ટી પરના પ્લોટ નં.૧૪૦,૧૪૧ જેની પર ચા કેન્ટીન આવેલી છે તે રોડના મધ્ય બિંદુથી કેટલા અંતરે દુર છે? તેની સ્પષ્ટ માપણી કરી દબાણમાં આવતું હોય તો તેના અભિપ્રાયની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ પરથી ફકત માહિતી આપવાની થાય છે. જેથી સ્થળ ઉપર માપણી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જેમાં અપીલ તબકકે અરજદારે કોઈ માહિતી આપેલ નથી તેવું જણાવેલ છે.પરંતુ રેકર્ડ આધારીત શું માહિતી છે તે જણાવેલ નથી. મુદ્દા નં.૫ મુદ્દા નં.૪ ના અભિપ્રાય સામે સુરત મહાનગરપાલિકાએ દબાણ હટાવવા માટે કોઈ કાર્યવાહી કરી હોય તો તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કચેરીના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં આ બાબતે કોઈ માહિતી ઉપલબ્ધ નથી.તેવી માહિતી પૂરી પાડેલ છે. મુદ્દા નં.૬ મુદ્દા નં.૪ માં દબાણ બાબતે વહીવટીતંત્ર આગામી દિવસોમાં શું કાર્યવાહી કરવા નિર્ધાર કર્યો છે તેની માહિતી અથવા તો ન કરવા માંગતા હોય તો તેનો સ્પષ્ટ અભિપ્રાય. તેવા પ્ર શ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ફકત ઉપલબ્ધ દફતરી હકીકતલક્ષી માહિતી આપવાની રહે છે. મુદ્દા નં.૭ મુદ્દા નં.૧ ની રહેણાંક પ્લોટ ઉપર ચા નાસ્તો કેન્ટીન ચાલતી હોય તો વહીવટીતંત્ર ધ્વારા માન્ય છે કે પછી ગેરકાયદેસર ચલાવી રહયા છે તેનો સ્પષ્ટ અભિપ્રાય. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટુંકી સર્વે નં.૫૭/૨ પૈકી પ્લોટ નં.૧ ૪૦,૧૪૧ રહેમતનગર ઉપર રેસીડન્ટ હોય જેના ઓટલા ઉપર કાઉન્ટર બનાવી ચા કોફી બનાવી સાથે અંશતઃ બિસ્કીટ વિગેરેનું વેચાણ કરેલ છે. જેનું સુરત મહાનગરપાલિકાનું બીપીએમસીએકટની જોગવાઈ અનુસાર પરવાનો મેળવેલ નથી. તેમજ એન.ઝેડ/૭૪૮૩ તા.૧–૨–૧૦ ના પત્રથી પણ ગુમાસ્તા અંગેની દફતરી રેકર્ડ ઉપર માંગ્યા મુજબની માહિતી ઉપલબ્ધ નથી તેવું જજણાવેલ છે. તેમજ ફુડ વિભાગના જાવક નં.પીએચડી/ફુડ/૭૦૨ તા.૧૧–૧–૧૦ થી પીએફ રૂલ્સ–૫૦ અન્વયે કોઈ પણ ખાદ્ય પદાર્થના ઉત્પાદન/સંગ્રહ કે વેચાણ કરતી સંસ્થાઓએ પીએફ.એ એકટ હેઠળનું લાયસન્સ મેળવ્યા વગર આ પ્રકારનો ધંધો ચાલુ રાખી શકાય નહીં તેમજ બીપીએમસી એકટની કલમ–૩૭૬ હેઠળનું લાયસન્સ મેળવ્યા વગર આ પ્રકારનો ધંધો ચાલુ રાખી શકાય નહીં તેવી માહિતી આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૮. મુદ્દા નં.૧ ની જમીન ઉપર " મા કૃપા" નામનું મકાનનું આયોજન થયું છે તેમાં સુરત મહાનગરપાલિકા પાસે કોઈ પરવાનગી માંગી છે કે મેળવી હોય તો તેની વિગત. મુદૃા નં.૯ મુદ્દા નં.૧ ની જમીનના પ્લોટ પર સદર મકાન કોણે ઉભું કર્યુ છે? તે મકાન બાંધકામની પરવાનગી માટે કયા કયા પુરાવાઓ દાખલાઓ મુકયા છે તેની તમામ માહિતી. મુદ્દા નં.૧૦ મુદ્દા નં.૧ ના મકાનની આકારણી રીપોર્ટ. બાબતે પણ મુદ્દા નં.૧ માં જણાવ્યા અનુસાર પાર્ટી સ્ટેટસ અને એસેસમેન્ટ રજીસ્ટર પૂરા પડાયેલ છે.જેમાં અરજદારે અપીલ તબકકે કોઈ રજૂઆત કરેલ નથી. મુદ્દા નં.૧૧ મુદ્દા નં.૧ ની જમીન પર સદરહુ મકાનના છેલ્લા વેરાની માંગણીની નોટીસનસ નકલ તેમજ છેલ્લામાં છેલ્લી ભરપાઈ કરેલી પહોંચની નકલની માહિતી. તેવા પ્રશ્ન બાબતે પણ મુદ્દા નં.૧ માં આપેલ પાર્ટી સ્ટેટસ અને એસેસમેન્ટની નકલ પૂરા પાડેલ છે. જેના ઉપરથી માંગણાની રકમ જોઈ શકાય છે તથા ભરપાઈ કર્યાની વિગત પણ જાણી શકાય છે. મુદ્દા નં.૧૨. મુદ્દા નં.૧ પર મકાન પાસે ચાલતી ચા કેન્ટીનમાં વળતર તરીકે ઘરેલું ગેસ વપરાય છે તેના માટે તંત્રએ શું તકેદારી લીધી તેની માહિતી. મુદ્દા નં.૧૩. સુરત મહાનગરપાલિકાના સૈયદપુરા માર્કેટ અસારાવાલા હોસ્પિ.ની બિલ્ડીંગ વોર્ડ નં.૭

એ માં સફાઈ કરતી કામદાર જયોતિબેન જયેશભાઈ સોલંકીની હાજરી રીપોર્ટની રજા કયા ચોકકસ વારે નકકી કરવામાં આવ્યો છે તેના પાછળના મુખ્ય કારણની માહિતી. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સ ે.ઝોન/આરટીઆઈ/જાવક નં.૧૩૯૬ તા.૮–૧–૧૦ થી મુદ્દા નં.૧૩,૧૪ અને ૨૦ અંગે રેકર્ડનું ઈન્સ્પેકશન તા.૧૧–૧–૧ ૦ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકથી ૧૨.૦૦ કલાક દરમ્યાન કરવા જણાવેલ. જે બાબતે અરજદારે તા.૧૬–૧–૧૦ ના રોજ પાઠવેલ પત્રમાં જણાવેલ છે કે તેઓ તા.૧૬–૧–૧૦ ના રોજ ઈન્સ્પેકશન કરવામાં આવી જેમાં અમારી અરજી નં.આઈડી નં.૧૧૩૭ તા.૨૧–૧૨–૦૯ ના અનુસંધાને કરેલ ઈન્સ્પેકશનમાં હાજરી રીપોર્ટ બુકની તપાસ કરી તેમાં સીએલ,ઈએલ, માંદગીની રજા તેમજ હકરજાના રીપોર્ટ હતાં. તેમાં અઠવાડીયે પડતી વીકલી રજા ચોકકસ કયા વારે નકકી થઈ હોય તેનું કારણ જોઈતું હતું તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧૪. મુદ્દા નં.૧૩ ના સફાઈ કામદાર અત્યાર સુધીમાં કેટલી જગ્યાએ ફેરબદલી કરવામાં આવી છે? અને તે ન કરવામાં આવી હોય તો તેના કારણોની માહિતી. તેવા પ્રશ્ન બાબતે તા.૧ ૬–૧–૧૦ ના રોજ કરેલ ઈન્સ્પેકશનમાં મજકુર સફાઈ કામદાર મહિલાની વરાછા સેન્ટ્રલઝોન વગેરે જગ્યાએ બદલી થઈ છે તો કયા કારણસર બદલી કરવામાં આવી છે અને કેમ બદલી કરવામાં આવતી નથી તેની માહિતી જોઈતી હતી.તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧૫. મુદ્દા નં.૧ ની જમીનમાં જો કોઈ દબાણ હોય છે કે કેમ? જો હોય તો દબાણ કરવાની શું કાર્યવાહી કરી તેની વિગત. મુદ્દા નં.મુદ્દા નં.૧૬ મુદ્દા નં.૧ ના પ્લોટ ઉપર રહેણાંક હેતુને બદલે વ્યવસાય હેતુનો વાણિજય ઉપયોગ થતો હોય તો તેના માટે તંત્ર કઈ રીતની કાયદેસરની કાર્યવાહી કરવા માંગે છે તેની માહિતી. મુદ્દા નં.૧૭. મુદ્દા નં.૧ ના પ્લોટ પર કેટલા ભાડુતો છે આ ભાડુઆતો પાસેથી દર મહીને કેટલું ભાડું વસુલ કરવામાં આવે છે તેની માહિતી તેમજ દરેક જણ પાસ ેથી કેટકેટલી રકમો ડીપોઝીટ પેટે મકાન માલીક ભીમજી નથ્થુ સોલંકીએ લીધી છે તેની માહિતી. મુદ્દા નં.૧૮ મુદ્દા નં.૧ ની જમીન ઉપર રહેતા મકાન માલિક ભીમજી નથ્થુ સોલંકી સહિત તેમના સંયુકત કુલ વાર્ષિક આવક કેટલી થાય છે તેની તલાટી –કમ–મંત્રી પાસે પંચ કવાસ કરાવી વાર્ષિક આવકના રીપોર્ટની માહિતી તે તેમાંથી તે સરકારમાં સફાઈવેરો, વાણિજયવેરો અને નળવેરો કેટલો ભરે છે તેની માહિતી. મુદ્દા નં.૧૯ મુદ્દા નં.૧ ના પ્લોટવાળા વિસ્તારમાં કોણ સેનેટરી ઈન્સ્પેકટર છે તેમના નામ સરનામાં અને ફોન નંબરની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર મા'િતી અધિકારી તરફથી ટુંકી સર્વે નં.૫૭/૨ રહેમતનગર સુરત મહાનગરપાલિકાના નાની બેચરાજી સેનેટરી વોર્ડ વિસ્તારમાં આવતો હોય જે સેનેટરી વોર્ડના સેનેટરી ઈન્સ્પેકટર એ.ડી.હળપતિ છે. નાની બેચરાજી સેનેટરી વોર્ડ ઓફિસર ન.પ્રા.શિ. સ. શાળા નં.૧૮૧/૧૮૨ નાની બેચરાજી ખાતે આવેલ છે ઓફિસનો ફોન નંબર ૨૫૧૩૧૮૧ છે. તેવી માહિતી આપેલ છે. મુદ્દા નં.૨૦ મુદ્દા નં.૧૩ ના સફાઈ કામદારના વાર્ષિક પગારની માહિતી તેમજ અત્યાર સુધી કેટલી અને કયા હેતુથી લોન લીધી હોય અને તેને ભરપાઈ કેવી રીતે કરે છે તેની માહિતી. (તેમના પગાર ખાતામાંથી લીધેલ લોનની માહિતી.) માંગવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે પગાર સ્લીપનું ઈન્સ્પેકશન કરવામાં આવ્યું હતું જેમાં અમોને લોનની કોઈ માહિતી મળી નથી. તેણે કઈ રીતે લોન લીધી અને કઈ રીતે ભરપાઈ કરે છે તેની માહિતી તથા છેલ્લા ૨ વર્ષની પગાર સ્લીપની માહિતી જોઈતી હતી. જે અંગે અરજદારે મુળ અરજીથી અલાયદી માંગણી ઈન્સ્પેકશન તબકકે ઉપસ્થિત કરેલ છે.

ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારીકક્ષાએથી મુદ્દા નં.૧,૧૦ અને ૧૧ ની માહિતી એન.ઝેડ/૮૦૨ થી તથા મુદ્દા નં. ૩ થી ૭ અને ૧૯ અંગેની માહિતી એન.ઝેડ/આ.નં.૭૨૯૩ તા.૨૧–૧–૧૦ થી તેજ મુદ્દા નં.૭ અંગે પત્ર નં.એન.ઝેડ/આ.નં.૭૪૮૩ તા.૧–૨–૧૦ ના પત્રથી તેમજ પત્ર નં.એન.ઝેડ/આ.નં.૩૬૩૧ તા.૪–૨–૧૦ થી સીટી સર્વે સુપ્રિ. નાનપુરાને તેમના સત્તા મંડળ અંગેની માહિતી પૂરી પાડવા પત્ર પાઠવવામાં આવેલ છે. આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દા નં. ૭ અંશતઃ અંગે જાવક નં.પીએચડી/ફુડ/૭૦૨ તા.૧૧–૧–૧૦ થી તેમજ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન કક્ષાએથી સે.ઝોન/આટીઆઈ/આ.૧૩૯૬ તા.૮–૧–૧૦ થી મુદ્દા નં.૧૩,૧૪ અને ૨૦ અંગે ઈન્સ્પેકશન આપતો પત્ર પાઠવવામાં આવેલ છે. જે અંગે અરજદારે તા.૧૬–૧–૧૦ ના રોજ ઈન્સ્પેકશન મેળવેલ છે. અરજદારે તા.૨૧–૧–૧૦ ના રોજ અપીલ અરજી કરી મળેલા પ્રતિભાવના પાંચ પત્રોની ઝેરોક્ષ સામેલ કરી અપીલ અરજી કરેલ છે તથા મુળ અરજીની નકલ. જે બાબતે અપીલ તબકકે અરજદારને પાઠવેલ પત્ર સંદર્ભે અરજદારે તા.૨૩–૨–૧૦ થી મુદ્દા નં.૧,૨,૪,૮,૯,૧૨,૧૩,૧ ૪,૧૫,૧૬,૧૭,૧૮ અને ૨૦ બાબતે માહિતી નહીં મળ્યાની રજૂઆત કરેલ છે. જેમાં તે પૈકી મુદ્દા નં.૧ અને ૧૦ અંગે મુદ્દા નં.૧ માં મિલ્કત કયા હિસાબે ખરીદ થયેલ છે તથા મુદ્દા નં.૧૦ માં આકાણી રીપોર્ટની માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. મુદ્દા નં.૨ ની અવાંચ્ય નકલ બાબતે રજૂઆત કરેલ છે. જે અત્રેના જાહેર સત્તા મંડળને સ્પર્શતું ન હોઈ લાગત જાહેર માહિતી અધિકારીને તબદીલ પણ પણ થયેલ જણાય છે. જેથી તે કક્ષાએ અપીલનું કારણ ઉત્પન થાય. મુદ્દા નં.૪ ,૮ ,૯,૧૨,૧૫,૧ ૬,૧૭,૧૮ ની માહિતી પૂરી પાડેલ જણાતી નથી. મુદ્દા નં.૧ રની અરજી બાબતે નાગરીક પુરવઠા અધિકારી ફુલપાડા ગામને તબદીલ કરેલ છે તે વિભાગમાંથી અરજદારને માહિતી મેળવવાની રહે છે. તથા નારાજગી અંગે તેમના અપીલ અધિકારીને અપીલ કરવી રહે. મુદ્દા નં.૮ અને ૯ અંગે અરજદારને મુદ્દા નં.૩ માં આપેલ જવાબ બાંધકામ અંગે મંજુર કરાવ્યાની કોઈ માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. જયારે મુદ્દા નં.૧૩,૧૪ અને ૨૦ અંગે માહિતી નહીં મળ્યા બાબતે અરજદારની રજૂઆત વાજબી નથી. કારણકે અરજદારે પોતે તા.૧૬–૧–૧૦ ના રોજ ઈન્સ્પેકશન મેળવી માહિતી ચકાસણી કરેલ છે. તેમજ અરજદારે તેમાં જણાવેલ મુદ્દા નં.૧૩ માં અઠવાડીક રજાનું ચોકકસ કારણ તથા મુદ્દા નં.૧૪ માં બદલીનું ચોકકસ કારણ તેવા તાર્કીક પ્રશ્નોની માંગણી કરેલ છે. જે આરટીઆઈ કાયદા સાથે સુસંગત નથી. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે . તથા મુદ્દા નં.૨૦ અંગે મુળ અરજીથી ઈન્સ્પેકશન વખતે અલાયદા પ્રશ્નની રજૂઆત કરેલ છે . જયારે અન્ય મુદ્દાઓ અંગે અરજદારની કોઈ તકરાર નથી.

મુદ્દા નં.૪ અંગે સ્થળ પર જઈ માહિતી આપવાની રહેતી નથી તેવો જાહેર માહિતી અધિકારીનો પ્રત્યુત્તર કલમ–ર(એફ) અને ર(જે) સાથે સુસંગત છે. મુદ્દા નં.૧ર અંગે લાગત જાહેર માહિતી અધિકારી પુરવઠાને અરજી તબદીલ થયેલ હોય અપીલનું કારણ અત્રેના સત્તા મંડળમાં ઉત્પન થતું નથી. મુદ્દા નં.૧૮ અંશતઃ અંગે લાગત જાહેર માહિતી અધિકારી તલાટીને અરજી તબદીલ થયેલ છે. જયારે રહેણાંક મિલ્કતના આકારણી પાર્ટી સ્ટેટસની નકલ અરજદારને પૂરી પડાયેલ છે જ. તેમાંથી માહિતી સ્વરૂપે ઉપલબ્ધ છે તેથી તકરારનું કારણ બનતું નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.ર૧–૧ર–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૧અને ૧૦ બાબતે આકારણી રીપોર્ટ અને કયા આધારે ખરીદી બાબતે તુમારની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી તથા મુદ્દા નં.૮,૯,૧૫,૧૬,૧૭, ની નહીં પૂરી પડાયેલી દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પુરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) )ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન),(ર) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન,(૩) આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ફુડ વિભાગ)...જાણ તથા અમલ માટે

(ર) શ્રી દર્શના જીવણલાલ ડોડીઆ